દાખલ તારીખ : ૨૪/૦૮/૨૦
રજી.કર્યા તારીખ : ૨૪/૦૮/૨૦
નિકાલ તારીખ :૨૭/૦૧/૨૩
**સમય : વર્ષ –માસ–દિવસ**

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારી શ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ મું.ગોધરા**

**રેફરન્સ (ટી.)નં.૫૯/૨૦૨૦**
**આંક : ૧૧**

**પ્રથમ પક્ષકાર : –** જીલ્લા આરોગ્ય અધિકારશ્રી,
જીલ્લા પંચાયત,
ગોધરા.(કુટુંબ કલ્યાણ શાખા)

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી અર્જુનભાઈ મોહનભાઈ સોલંકી
હે.મારવાડીવાસ સ્મશાન રોડ,
ગોધરા,જી.પંચમહાલ.
C/O પંચમહાલ ડીસ્ટ્રીકટ લેબર ફેડરેશન,
સર્વોદય સોસાયટી કોર્ટ સામે,
મુ.પો.તા.કાલોલ,જી.પંચમહાલ.

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે :– ગેરહાજર
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ

**વિષય :–ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.૧૭/૦૮/૨૦૨૦ ના હુકમ નંબર–કે. એચ./એસ.એચ.એમ.સી./ગો.

/૨૭૬૬ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુંસુચિ નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

**શ્રી અર્જુનભાઈ મોહનભાઈ સોલંકીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

(૨) આ કામના બીજા પક્ષકારને નોટીસ બજતા તેઓ દવારા આંક–૪ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાને આઈ.ડી.એકટની તથા મોડલ સ્ટેન્ડીંગ ઓડર્સની તમામ જોગવાઈઓ લાગુ પડે છે અને તેઓ અમલ કરવા પ્રથમ પક્ષકાર બંધાયેલો છે,બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં સને–૨૦૦૫ થી સ્વીપર કમ પટાવાળા તરીકેની ફરજમાં હાજર થયા ત્યારથી સવારના ૮.૦૦ થી સાંજના ૬.૦૦ સુધીની આઠ કલાકની કામગીરી લઈ માસીક રૂા.૧૨૦૦/– મુજબનો ફીકસ પગાર ચુકવવામાં આવતો હતો. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર પાસે એક માસમાં ૨૬ દિવસ કરતા વધુ કામગીરી લેતા હતા. બીજા પક્ષકારે પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ હતી. પ્રથમ પક્ષકાર સમક્ષ પગાર વધારાની માંગણી પૈકી લઘુતમ વેતન મુજબનો પગાર ચુકવવા કરેલ રજુઆત અને લઘુતમ વેતન અધિકારી સમક્ષક કરેલ રજુઆતો અંગેની કિન્નાખોરી રાખી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાની, બીજા પક્ષકાર પાસે સ્વૈચ્છીક રાજીનામુ લખાવી લેવાની વિગેરે પ્રયાસો પ્રથમ પક્ષકાર ધ્વારા શરૂ કરવામાં આવેલ. બીજા પક્ષકારને તેમની નોકરીના સમયગાળા દરમિયાન કોઈપણ જાતની ગેરવર્તણુંક બાબતે કોઈ નોટીસ કે મેમો આપેલ નથી કે કોઈ ખાતાકીય તપાસ પણ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કરેલ પગાર વધારાની માંગણી અંગેની કિન્નાખોરી રાખી અયોગ્ય મજુર પ્રથા આચરી તા.૦૧/૦૩/૨૦૧૫ ના રોજ યોગ્ય કારણો સિવાય આઈ.ડી.એકટની કલમ–૨૫ એચ અને ૨૫–એફ નો ભંગ કરી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધા છે. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર જે પ્રકારની કામગીરી કરતા હતા તે પ્રકારની કામગીરી અન્ય કામદારને નોકરીમાં રાખી કરાવે છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર પાસે વારંવાર જઈ નોકરીમાં રાખી લેવાની વિનંતી કરવા છતાં તેઓએ જણાવે છે કે કોર્ટમાંથી હુકમ લઈને આવે પછી નોકરીમાં રાખીશુ તેવુ જણાવી હાલ પણ નોકરીમાં રાખવાનો ઈન્કાર કરેલ છે. બીજા પક્ષકારે બીજી અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કરેલા છતાં નોકરી મળેલ નહી અને આજે પણ તેઓ બેકાર છે તેમ જણાવી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવી તેઓને તેમની નોકરીની મુળ જગ્યાએ,સળંગ નોકરીથી,પડેલા દિવસોના પુરા પગાર સહીત તથા અન્ય મળવાપાત્ર

તમામ લાભો સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા તથા આ રેફરન્સનો ખર્ચ અપાવવા માંગણી કરેલ છે.

(૩) આ કામના પથમ પક્ષકારને નોટીસ બજવા છતાં તેઓ હાજર રહેલ ના હોય કે પ્રથમ પક્ષકાર દવારા કોઈ જવાબ રજુ કરવામાં આવેલ ના હોય બીજા પક્ષકારની આંક–૫ જી અરજી લગત હુકમ કરી જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) આ કામના બીજા પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

| **અનું નં..** | **મૌખીક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | અર્જુનભાઈ મોહનભાઈ સોલંકીની સોગંદનામાં પર જુબાની. | ૬ |

આ કામના પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારની ઉલટતપાસ કરવા માટે હાજર રહેલ ના હોય બીજા પક્ષકાર ની આંક–૭ ની અરજી લગત હુકમ કરી તેઓન ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામના બીજા પક્ષકાર તરફે પોતાની જુબાની સીવાય બીજા કોઈ સાહેને તપાસેલ નથી કે બીજા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી બાદ બીજા પક્ષકાર તરફે આંક–૮ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૫) આ કામના પ્રથમ પક્ષકાર દવારા હાજર રહી પોતાનો પુરાવો રજુ કરેલ ના હોય બીજા પક્ષકારની આંક–૯ ની અરજી લગત હુકમ કરીપ્રથમ પક્ષકારનું સાક્ષી પુરાવાનું સ્ટેજ બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે બીજા પક્ષકાર તરફે વિધ્વાન પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈની દલીલો સાંભળી અને પ્રથમ પક્ષકાર તરફે પુરતી તકો આપવા છતાં હાજર રહી દલીલ કરેલ ના હોય બીજા પક્ષકારની આંક–૧૦ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ પ્રથમ પક્ષકારનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં,માંગણાનું નિવેદન તથા જવાબ ધ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશશ્રમ આયુકતશ્રી,ગોધરાએ કરેલ રેફરન્સના મુખ્ય મુધ્દો કે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેના નીર્ણય માટે મારી સમક્ષ નીચેના મુધ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**–:: મુધ્દા ::–**

(૧) શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે ?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૩) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ-૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી છે ?

(૪) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓને પ્રથમ પક્ષકાર દવારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે ?

(૫) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ ?

(૮) ઉપરોકત મુધ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**-:: નિર્ણય ::-**

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) હકારમાં.

(૫) અંશત:હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-: કારણો:-**

(૧૦) મુધ્દાનં.૧ ::-

આ કામના બીજા પક્ષકાર દવારા તેઓના માંગણા નિવેદનમાં તેઓ આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થામાં સને-૨૦૦૫ થી સ્વીપર કમ પટાવાળા તરીકેની ફરજમાં હાજર થયા ત્યારથી સવારના ૮.૦૦ થી સાંજના ૬.૦૦ સુધીની આઠ કલાકની કામગીરી લઈ માસીક રૂા.૧૨૦૦/- મુજબનો ફીકસ પગાર ચુકવવામાં આવતો હોવાની હકીકત જણાવેલ છે અને આ બાબતે તેઓની જુબાનીમાં પણ સમર્થનકારી પુરાવો આપેલ છે,આમ તેઓ દવારા આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થામાંસ્વીપર કમ પટાવાળા તરીકેની કામગીરી કરતા હોવાનો પુરાવો આપેલ છે અને તેઓની આ હકીકતને આ કામના પ્ર

થમ પક્ષકાર દવારા હાજર રહીને પડકારેલ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકારની કામગીરી જોતા તેમજ વિરૂધ્ધના કોઈ પુરાવાના અભાવે બીજા પક્ષકારની હકીકત કે તેઓ સંસ્થામાં સ્વીપર કમ પટાવાળા તરીકે કામગીરી કરતા હોવાનું નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી તેમજ તેઓની સ્વીપર કમ પટાવાળા તરીકેની બીજા પક્ષકારની કામગીરી જોતા તેઓ મેનેજમેન્ટ કે સુપરવાઈઝરી કે એડમીનીસ્ટ્રેશન પ્રકારની કામગીરી કરતા ના હોઈ તે સંજોગોમા કાયદાની કલમ **2(S)** ધ્યાને લેતાં બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ કામદાર ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તથા ઉપર જણાવ્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં સ્વીપર કમ પટાવાળા તરીકેની કામગીરી કરતા હોય તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ સાબીત કરવામાં સફળ રહેલ હોય મુધ્દાનં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૧) મુધ્દાનં. ૨ ::–

આ કામના બીજા પક્ષકાર દવારા તેઓને આ કામના પ્રથમ પક્ષકાર દવારા તેઓને પગાર ચુકવવો ન પડે તેવા બદઈરાદાથી તા.૦૧/૦૩/૨૦૧૫ ના રોજથી મૌખિક હુકમથી છૂટા કરી દીધેલ હોવાની હકીકત તેઓના માંગણા નિવેદનમાં જણાવેલ છે અને આ લગત તેઓની જુબાનીમાં સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે અને પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકારની આ હકીકત અને પુરાવાને હાજર રહી ઉલટતપાસ કરી પડકારેલ નથી તેવા સંજોગોમાં આ બાબત પુરવાર થયેલાનું નહી માનવાને કોઈ વ્યાજબી કારણ જણાતું નથી જેથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર ધ્વારા નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર થતુ હોય મુદાનં.૨ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૨) મુધ્દાનં.૩ ::–

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણા નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં સ્વીપર કમ પટાવાળા તરીકે કામ કરતા હોવાની અને આવી કામગીરી તેઓ નોકરીમાં હાજર થયા ત્યારથી છુટા કરેલ ત્યાં સુધી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે,જયારે પ્રથમ પક્ષકાર તરફે તેઓની આ હકીકતનો ઈન્કાર કરવામાં આવેલ નથી,આ હકીકત ધ્યાને રાખી આઈ.ડી.એકટની કલમ–૨૫ (બી)માં આપવામાં આવેલ 'સળંગ નોકરી' ની વ્યાખ્યા વંચાણે લેતા તે મુજબ કોઈ કામદાર ,બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય,વધુમાં કલમ–૨૫ (બી)(૨) મુજબ જયારે કામદાર એક

વર્ષની સળંગ નોકરીમાં ન હોય ત્યારે તેને છુટા કર્યાના અગાઉ ના સમયગાળા દરમ્યાનના નોકરીના ૨૪૦ દિવસો ધ્યાને લેવા આવશ્યક છે,કલમ–૨૫(બી) માં જણાવેલ સળંગ નોકરીની વ્યાખ્યા તે કામદારની કામગીરીનો સમગ્ર સમય સુચવે છે જો કામદારની કામગીરી દરમ્યાન કેટલોક સમય માલિક તે કામદારને કામ આપી ન શકે,અને આ પ્રકારે કામની મોકુફી માં કામદારની કોઈ કસુર ન હોય, તો તેવા સંજોગોમાં કામદારની કામગીરીમાં કોઈ ભંગ ગણી શકાય નહી અને આવા કામદારની કામગીરી સળંગ ચાલુ હોવાનું માની શકાય,આ કામના બીજા પક્ષકાર દવારા તેઓ સંસ્થામાં કયારથી કામ કરતા હતા તે તારીખ જણાવેલ નથી પરંતું સને.૨૦૦૫ થી કામગીરી કરતા હોવાનું જણાવેલ છે તેવા સંજોગોમાં વિરૂધ્ધની કોઈ હકીકતના અભાવે આ હકીકત નહી માનવાને કોઈ કારણ જણાતું નથી, વધુમાં આ બાબતે બીજા પક્ષકાર દવારા આપવામાં આવેલ મૌખકી પુરાવો જોતા તેમાં તેઓ દવારા સંસ્થામાં દરેક વર્ષમાં ૨૪૦ દિવસથી વધારે કામગીરી કરેલ હોવાનો પુરાવો આપેલ છે તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારા કલમ–૨૫ બી(૧) મુજબ સળંગ નોકરી કરેલાનું તેમજ તેઓને છુટા કરતા અગાઉના વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસ કામ કરી ઔદ્યોગિક વિવાદ ધારા કલમ–૨૫ બી(૨)મુજબ પણ સળંગ નોકરી કરેલ છે તે અંગે ઉપર ચર્ચા મુજબ પ્રથમ પક્ષકાર વિરુધ્ધ અનુમાન કરવાને કારણ ઉપસ્થીત થતુ હોઈ તે સંજોગોમાં બીજા પક્ષકાર તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલી હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુધ્દા નં.૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૩) મુધ્દાનં.૪ ::–

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણાના નિવેદન તથા પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારે તેઓને કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય,નોટીસ વળતર આપ્યા સિવાય,કે કોઈ પણ તપાસ કર્યા સિવાય તેમને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ,બીજા પક્ષકાર ની સોગંદ ઉપરની આ હકીકત વિરૂધ્ધની કોઈ હકીકત આ કામના પ્રથમ પક્ષકાર હાજર રહેલ ના હોય તેમજ ઉલટતપાસ કરેલ ના હોય રેકર્ડ પર આવેલ નથી,બીજા પક્ષકાર ધ્વારા સોગંદ પર જણાવેલ હકીકતનું ખંડન કરવા પ્રથમ પક્ષકાર ધ્વારા નોટીસ વળતર કે કોઈ પણ ઈન્કવાયરી કરેલ હોય તેવો મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી,પ્રથમ પક્ષકાર તરફે હાજર રહીને નોટીસ કે છટણી વળતર આપ્યા અંગેનો પુરાવો પણ રજુ થયેલ ન હોઈ,તેમજ અગાઉ મુદા નં.૩ માં ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ–૨૫ બી(૧) તથા ૨૫ બી(૨)મુજબ સળંગ નોકરી કરેલી હોઈ,તે સંજોગોમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ (એફ) નું પાલન કર્યા સિવાય છુટા કરેલા હોય તે રીતે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ હોય

તે તમામ સંજોગોમાં બીજા પક્ષકાર તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ હોય મુધ્દા નં.૪ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૪) મુધ્દાનં.૫ ::-

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર કંપનીમાં સળંગ નોકરી કરેલ હોય તેમજ બીજા પક્ષકારને કાયદાની કલમ-૨૫(એફ),નો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ હોય તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર દવારા તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સ્વીપર કમ પટાવાળા તરીકેનું કામ કરતા હોવાનું જણાવેલ છે અને તેઓના પુરાવામાં હાલમાં આ કામગીરી ચાલુ હોવાનો પુરાવો આપેલ છે,વધુમાં નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમકોર્ટ દવારા પ્રસ્થાપીત કરેલ સિધ્ધાતો અનુસાર કામદારના પડેલ દિવસોનો પગાર એ નેચરલ કોન્સીકવન્સીસ નથી કારણ કે,કોઈ પણ કામદાર બેકાર રહેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી તેઓની ઉપર રહેલ છે,આ કામના બીજા પક્ષકાર ધ્વારા છુટા થયા બાદ બીજી કઈ કઈ જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ તેની કોઈ સ્પષ્ટ હકીકત કે તેવી સંસ્થાના નામ તેમના માંગણાના નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવેલ નથી તેમજ બીજા પક્ષકાર ધ્વારા છુટા થયા બાદ નોકરી મેળવવા અન્ય જગ્યાએ પ્રયત્ન કરેલ હોય અને બીજા પક્ષકારને નોકરી મળેલ ન હોય તેવા કોઈ દસ્તાવેજી આધાર બીજા પક્ષકારે આ કામે રજુ કરેલ નથી અને આ કામના બીજા પક્ષકારની લાયકાત જોતા તેઓને કામગીરી ના મળે તે પણ શકય સંભવીત જણાતું નથી જેથી બીજા પક્ષકારને પડેલ દિવસોના પગાર ચેકવાનો હુકુમ મકરવાનું ન્યાયોચીત જણાતુ નથી તેમજ બીજા પક્ષકારની નોકરીનો અંત આશરે ૦૭ વર્ષ અગાઉ આવેલ છે,આટલા લાંબા સમય સુધી બીજા પક્ષકાર કોઈ પણ જાતની આવક મેળવ્યા સિવાય બેરોજગાર બેસી રહેલ હોય તેવુ માનવાને કોઈ કારણ નથી તેમજ આ કામના બીજા પક્ષકાર દવારા આ સમય દરમ્યાન સંસ્થામાં કોઈ કામગીરી કરેલ નથી તે સંજોગો માં બીજા પક્ષકારને કોઈ પણ જાતના પડેલ પગાર તથા આનુષાંગિક લાભ સિવાય તેમની મુળ જગ્યા એ પુન:સ્થાપિત કરવાની દાદ મંજુર કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય તેમ હોય આ કામના બીજા પક્ષકાર નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર થતા હોય જે મુજબ **મુધ્દાનં.૬** નો જવાબ **અંશત:હકારમાં** આપી **મુધ્દાનં.૭** અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -:: હુ ક મ ::-

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ કોઈ પણ જાતના પડેલ પગાર તથા આનુષાંગિક લાભ સિવાય નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આ રેફરન્સના ખર્ચના રકમ **રૂા.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર)** ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) હાલનો રેફરન્સ/એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

**સ્થળ : ગોધરા**
**તા.૨૭/૦૧/૨૦૨૩**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**